पुणा International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Grade -VII

# Gujarati

# Specimen copy

# Year- 2021-22

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પૃષ્ઠ |
|---|---|---|
| 6 | નર્મદામૈયા | 2 |
| 7 | અલ્લક-દલ્લક | 7 |


## પાઠ- 6. નર્મદામૈયા

- ( પ્રવાસવર્ણન ) રમણ સોની

➢ **અઘરા શબ્દો**

1) નર્મદા 2) ધસમસતી
3) રેવા 4) સ્રોત
5) ત્વદિય 6) પાદપંકજ
7) નૌકાવિહાર 8) શૂરવીર



## ➢ શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | નર્મદા | = | આનંદ આપનાર નદીનું નામ |
| 2) | ધસમસતી | = | વેગથી દોડતી |
| 3) | રેવા | = | કૂદનારી |
| 4) | સ્રોત | = | છંદો બધ્ધ સ્તુતિ |
| 5) | ત્વદિય | = | તારા |
| 6) | પાદપંકજ | = | ચરણ કમળ |
| 7) | નૌકાવિહાર | = | હોડીમાં બેસીને ફરવું તે. |
| 8) | શૂરવીર | = | બહાદુર |
| 9) | ઠેર – ઠેર | = | ઠેકાણે – ઠેકાણે |

# સ્વાધ્યાય

## ➢ સાહિત્ય

### પ્ર-1 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) નર્મદા નદી કયાં સરોવરમાંથી નીકળે છે?

જ) નર્મદા નદી અમરકંટક સરોવરમાંથી નીકળે છે.

2) નર્મદાનો શો અર્થ થાય છે?

જ) નર્મદાનો અર્થ થાય છે કે આનંદ આપનારી.

3) ગુજરાતમાં નર્મદાએ બનાવેલો બેટ કયાં નામે ઓળખાય છે?

જ) ગુજરાતમાં નર્મદાએ બનાવેલો બેટ કબીરવડનાં નામે ઓળખાય છે.

4) નર્મદા નદી કયાં શહેર પાસે સાગરને મળે છે?

જ) નર્મદા નદી ભરૂચ શહેર પાસે સાગરને મળે છે.

### પ્ર-2 નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો.

1) ‘ પંખીની પાંખે પ્રવાસ કરવો ‘ એટલે શું?

જ) ‘ પંખીની પાંખે પ્રવાસ કરવો ‘ એટલે – ઉડતા પક્ષીની ઝડપથી પ્રવાસ કરવો.

2) નર્મદા ભારતના કયા બે ભાગ પાડે છે?

જ) નર્મદા ભારતના બે ભાગ પાડે છે – અ) ઉપરનો ભાગ ઉતર ગુજરાત
બ) નીચેનો ભાગ દક્ષિણ ગુજરાત

3) નર્મદાને ‘ રેવા ‘ શા માટે કહે છે?

જ) ‘રેવા ‘ એટલે ‘ કુદનારી ‘ નર્મદા ક્યાંક એકદમ શાંત છે , તો ક્યાંક દોડતી કૂદતી વહે છે. ક્યાંક એ ધોધ બની જાય છે અને ક્યાંક એ ધીરગંભીર પ્રવાહની જેમ વહે છે તેથી તેને રેવા કહે છે.

<u>વ્યાકરણ</u>

## પ્ર-3 નીચેના શબ્દોની જોડણી સુધારો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | નઉકાવિહાર | - | નૌકાવિહાર | 2) | શુરવિર | - | શૂરવિર |
| 3) | અણિદાર | - | અણીદાર | 4) | આજ્ઞાકિત | - | આજ્ઞાંકિત |
| 5) | જિવાદોરિ | - | જીવાદોરી | | | | |

## પ્ર-4 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | પર્વત | = | પહાડ | 2) | નજીક | = | પાસે |
| 3) | કિનારો | = | તટ | 4) | શિલા | = | પથ્થર |
| 5) | લાભ | = | ફાયદો | 6) | જળ | = | પાણી |

## પ્ર-5 નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | પૂર્વ | X | પશ્ચિમ | 2) | સુંદર | X | કદરૂપું |
| 3) | ઊંચે | X | નીચે | 4) | અજવાળું | X | અંધારું |
| 5) | લાંબી | X | ટૂંકી | 6) | સુખ | X | દુ:ખ |

## પ્ર-6 નીચેના શબ્દ સમુહ માટે એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| 1) | હોડીમાં બેસીને ફરવું તે | = | નૌકાવિહાર |
| 2) | સાંબેલા જેવી જાડી ધાર | = | મુશળધાર |
| 3) | ધનુષ્યનાં જેવું અર્ધગોળાકાર સપ્તરંગી દ્રશ્ય | = | મેઘધનુષ્ય. |
| 4) | નદી કે દરિયા વચ્ચે આવેલો જમીન ભાગ | = | બેટ |
| 5) | લોકોનું ભરણપોષણ કરનાર | = | લોકમાતા |

## પ્ર-8 ઉદાહરણ પ્રમાણે શબ્દો બનાવો.

| | | | |
|---|---|---|---|
| 1) | નર્મ – | નર્મદા | - આનંદ આપનારી |
| 2) | સુખ - | સુખદા | - સુખ આપનાર |
| 3) | વર - | વરદા | - વર આપનાર |
| 4) | શુભ- | શુભદા | - શુભ આપનાર |
| 5) | હર્ષ- | હર્ષદા | - હર્ષ આપનાર |

## પ્ર-9 નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

| | | | |
|---|---|---|---|
| 1) | લીલોતરી | = | આ પ્રદેશ લીલોતરીથી ભરપુર છે. |
| 2) | જીવાદોરી | = | નર્મદા જીવાદોરી છે. |
| 3) | બેટ | = | કબીરવડ મોટો બેટ છે. |

## પ્ર-11 નીચેના શબ્દોને શબ્દકોશનાં ક્રમ પ્રામાણે ગોઠવો.

1) સુંદર, સરસ, સૈનિક, સફેદ, સિંચાઈ સ્નાન.

જ) સફેદ, સરસ, સિંચાઈ, સૈનિક, સુંદર, સ્નાન.

- ## નિબંધ લખો

### ‘ તમારો યાદગાર પ્રવાસ’

નર્મદા ડેમની યાદગાર મુલાકાત હું મારા મમ્મી-પપ્પા અને મારા મોટા બહેન સાથે જન્માષ્ટમીની રજામાં રાજપીપળાથી નર્મદા ડેમ જોવા ગયો હતો.

રાજપીપળાથી કેવડિયા સુધીની સફરમાં મન મોહી લે એવા જંગલો, વૃક્ષો, ફૂલો, ઝરણાં નિહાળતો ગયો. કેવડિયા પાસે જ ખળખળ કરતી નર્મદા નદીનો અવાજ આવ્યો. ડેમ ઓવર ફ્લોને લીધે નદી બંને કાંઠે સડસડાટ વહી રહી હતી. કેવડિયાથી અમે નર્મદા ડેમ જોવા નીકળ્યા. ડેમની ઊંચાઈ, સરોવરની લંબાઈ, વીજ ઉત્પાદનની રીતેય નર્મદા ડેમ અજોડ છે. રસ્તામાં નાના-મોટા ગામ જોતાં-જોતાં અમે છેવટે નર્મદા ડેમ સુધી પહોંચી ગયા. ત્યાં અમે પૂરા એક કલાક સુધી નર્મદા ડેમ જોયો. પછી અમે નર્મદા ડેમનાં બંધારણના ફોટા જોયા અને વિશાળ નર્મદા ડેમમાંથી ઉત્પન્ન થતી વીજળીના થાંભલા પણ જોયા.

આ વીજળી મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગુજરાતમાં પહોંચે છે. નર્મદા નદી ગુજરાત માટે તો પ્રભુના વરદાન સ્વરૂપ જ છે. ગુજરાતના ઘણા ગામડાઓ અને શહેરોમાં નર્મદાનું પાણી પહોંચે છે. સાચે જ નર્મદા ડેમ જોવાલાયક અને જાણવાલાયક સ્થળ છે.

એટલે જ નર્મદા આપણી લોકમાતા છે. ગુજરાતની મોટી અને સુંદર નદી છે.

- **પ્રવૃત્તિ**

**તમે જોયેલ કોઈ એક સ્થળનું વર્ણન કરો. ( પાંચ- છ વાક્યમાં )**

# કાવ્ય- 7.અલ્લક-દલ્લક

- (ઊર્મિગીત) બાલમુકુન્દ દવે



## ➢ અઘરા શબ્દો

1) અલ્લક-દલ્લક
2) ઝાંઝર
3) ઝલ્લક
4) રઢિયાળો
5) જમના
6) મલ્લક
7) ઝળકે
8) આભે

## ➢ શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | અલ્લક-દલ્લક | = | બાળકોની એક રમત |
| 2) | ઝાંઝર | = | પગે પહેરવાનુ એક ઘરેણું |
| 3) | ઝલ્લક | = | ઝળક |
| 4) | રઢિયાળો | = | મનમોહક |
| 5) | જમના | = | એક નદી |
| 6) | મલ્લક | = | પ્રદેશ |
| 7) | ઝળકે | = | ચમકે |
| 8) | આભે | = | આકાશે |
| 9) | ચગ્યો છે | = | જામ્યો છે. |
| 10) | ભેળો | = | સાથે |

## સ્વાધ્યાય

## ➢ સાહિત્ય

પ્ર-1 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.



1) રાધા કોના કરતા સુંદર છે?
જ) રાધા જમુના નદી કરતા સુંદર છે.

2) રાસ ક્યારે રચાયો છે?
જ) રાસ આભમાં પુનમનો ચાંદ ઉગ્યો ત્યારે રચાયો છે.

3) રાસમાં કોણ – કોણ રમે છે?
જ) રાસમાં શ્રી કૃષ્ણ , રાધા અને ગોપીઓ રમે છે.

4) શ્રી કૃષ્ણ ક્યાં બેસીને બંસી વગાડે છે?
જ) શ્રી કૃષ્ણ કદંબના ઝાડ ઉપર બેસીને બંસી વગાડે છે.

5) રાધિકા કોની પાસે શું માંગે છે?
જ) રાધિકા શ્રી કૃષ્ણ પાસે તેમનુ ખોવાયેલું મોતી માંગે છે.

## પ્ર-2 નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો.

રાધિકાનો ---------------------------------------------------------------------------------------------------

------------------------------------------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------------------------છલ્લક છલ્લક

- **વ્યાકરણ**

## પ્ર-4 જોડાક્ષરવાળા શબ્દો કાવ્યમાંથી શોધીને લખો.

1) ઝલ્લક –ઝલ્લક 2) અલ્લક-દલ્લક
3) છમ્મક –છમ્મક 4) પલ્લક-પલ્લક

## પ્ર-6 નીચેના શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો.

1) રાસલીલા , મુંખડું , આભ , રાધાગોરી , રઢિયાળો , રાસ .
જ) આભ, મુંખડું , રઢિયાળો, રાધાગોરી, રાસ , રાસલીલા .

- **નિબંધ લખો**

## ‘ નવરાત્રી’

પ્રતિવર્ષ આપણા ગુજરાતમાં આસો સુદ એકમથી આસો સુદ નોમ સુધીના નવ દિવસો નવરાત્રિ મહોત્સવના નામે ઓળખાય છે અને ઉજવાય છે.

જેમ બંગાળમાં "દુર્ગાપૂજા" ના દિવસોનું ભારે મહત્વ છે તેમ ગુજરાતમાં "અંબા બહુચરા-કાળકા" જેવી મહાશક્તિશાળી દેવીઓની પૂજા આરાધના અને યજ્ઞો ઉપરાંત રાતના મોડે સુધી રાસ-ગરબા ગાવાનું ઘણું માહાત્મય છે. વળી કોઈ કોઈ સ્થળે તો નવને બદલે દસમો દશેરાનો દિવસ અને પછી પંદરમો શરદપૂર્ણિમાનો દિવસ પણ આ મહોત્સવમાં વણી લેવામાં આવે છે.

ભારતમાં અને ખાસ કરીને ગુજરાતમાં શક્તિપૂજાનું મહત્ત્વ પરંપરાથી ચાલ્યું આવે છે. અંબા ,બહુચરા , મહાકાળી , ભદ્રકાળી , ,જક્ષણી, ખોડિયાર , રનાદે , આશાપુરી , એવા અનેક નામે ગરબા ગવાય છે. નવરાત્રિના આ નવ દિવસોમાં ગામડે-ગામડે પોતપોતાની કુળદેવી મંદિરે 'કુંભસ્થાપન’ કરી ને એની પૂજા-આરતી થાય છે. નવરાત્રિના અને પૂજામાં બેસનાર નવ દિવસ ઉપવાસ કરે છે. કયાંક ફરાળી ઉપવાસ થતા હોય છે તો કયાંક નકોરડા ! આઠમના દિવસે હવન થાય અને પછી નવ નૈવેદ્ય માતાજીને ધરાવીને પારણાં કરવામાં આવે છે.

નવરાત્રિ મહોત્સવનું આગવું મહત્વ રાતે જોવા મળે છે. હવે તો શહેરોમાં જ નહિ ગામડાઓમાં પણ માંડવી અને સમૂહગરબાના જંગી કાર્યક્રમો હાથ ધરાય છે. ભવ્ય રોશનીથી રાતને રંગીન બનાવી દેવામાં આવે છે. માઈક લાઉડસ્પીકર દ્વાર બુલંદ અવાજે સુરીલા કંથમાંથી ગરબાની સુરાવલિ પ્રસરે છે અને માત્ર સ્ત્રીઓ જ નહિ પુરૂષો પણ હાથમાં ડાંડિયા લઈને તાલબદ્ધ રીત રાસ-ગરબા રમે છે.

શહેરોમાં તો હવે નવારાત્રિ મહોત્વસવે માઝા મૂકી દીધી છે એમ કહીએ તો એમાં ખોટું નથી . શક્તિપૂજા એક આડંબર બની ગઈ છે અને ગરબા કેવળ મનોરજનનું સાધન બની ગયું છે.

- **પ્રવૃત્તિ**

‘ નવરાત્રી’ કઈ- કઈ જગ્યાએ થાય છે? તમે જોયેલ જગ્યા ના નામ લખો.